*આધુનિક યુગમાં ઉપલબ્ધ આંખની વિવિધ સારવારના વિકલ્પોમાં, કોર્નિયલ કોલેજન ક્રોસ-લિંકિંગ વિથ રિબોફ્લેવિન અથવા C3R આંખની સારવાર તરીકે ઓળખાતી સારવાર છે. આ એક વાઢકાપ વિનાની આંખની સારવાર છે જે કેરાટોકોનસની પ્રગતિને રોકવામાં મદદ કરે છે, જે આંખની બિમારીનું એક એવું સ્વરૂપ છે જેમાં આંખના આગળના ભાગ (કોર્નિયા) પરની પારદર્શક પેશીઓ (tissues) બહારની તરફ નીકળી આવે છે. C3Rમાં આંખોની કોર્નિયલ પેશીઓને મજબૂત કરવામાં છે અને પ્રારંભિક તબક્કામાં C3R સારવાર કરવાથી દ્રષ્ટિને સ્થિર (stabilise) કરવામાં મદદ મળે છે. જો કે C3R સારવાર દ્રષ્ટિને સંપૂર્ણપણે સુધારી શકતી નથી અથવા ચશ્મા અથવા કોન્ટેક્ટ લેન્સની જરૂરિયાતને સંપૂર્ણપણે દૂર કરી શકતી નથી, પરંતુ તે દ્રષ્ટિના વર્તમાન સ્તરને જાળવવામાં મદદ કરે છે અને દ્રષ્ટિને વધુ બગડતી અટકાવે છે. તે એવા લોકોને પણ મદદ કરી શકે છે કે જેઓ કોન્ટેક્ટ લેન્સ પહેરી શકતા નથી, તેમનામાં વધુ સરળતાથી આ સારવાર થઈ શકે છે.*




*રિબોફ્લેવિન (વિટામિન B2)નું કોર્નિયલ કોલેજન સાથે ક્રોસ-લિંકિંગ કરાવવું અથવા C3R સારવાર એ નબળા કોર્નિયલ માળખાને મજબૂત કરે છે એ સાબિત થયું છે. આ પ્રક્રિયા કરવી સરળ છે અને લગભગ અડધા કલાક સુધી કોર્નિયા પર રિબોફ્લેવિનના ટીપાં નાખવાથી શરૂ થાય છે.આ પછી હળવા યુવી (અલ્ટ્રાવાયોલેટ) કિરણો વડેરિબોફ્લેવિનને સક્રિય (એક્ટીવેટ) કરવામાં આવે છે. રિબોફ્લેવિન અને યુવી કિરણો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા (રીએક્શન) કોર્નિયાની અંદરની કડીઓને સમય જતાં ફરીથી જોડીને તેમને મજબૂત બનાવે છે. આ કુદરતી કડીઓ કોર્નિયલ સ્ટ્રક્ચરની સ્થિરતા જાળવવા અને કોર્નિયાને અનિયમિતપણે બહાર આવતા (બલ્જીન્ગ થતા) અને વધુ પડતી સ્ટીપિંગથી અટકાવવા માટે જવાબદાર છે, જે અદ્યતન કેરાટોકોનસ તરફ દોરી જાય છે.*

***C3R સર્જરીના ફાયદા શું છે?***

*કોર્નિયલ કોલેજન ક્રોસલિંકિંગના મુખ્ય ફાયદાઓમાંનો એક, જેણે લાંબા ગાળાની સ્થિરતા દર્શાવી છે, તે એ છે કે તે કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટની તુલનામાં ઓછી આક્રમક એટલે કે વાઢકાપ વિનાની સારવાર છે. આ સિવાય તે કાયમી સારવાર છે. આ પ્રક્રિયા માત્ર એક કલાક સુધી ચાલે છે અને તેને કોઈપણ ફોલો-અપ બેઠકોની જરૂર નથી. આ સારવાર બહારના દર્દીઓ (આઉટ પેશન્ટ્સ) ઉપર કરવામાં આવે છે, અને હોસ્પિટલમાં એડમિશનની કોઈ જરૂર નથી.*


**TEST**

- CBC
- T3, T4, TSH
- VIT. B12
- VIT. D3
- HbA1c
- LIPID PROFILE
- Fasting Bl. Sugar
- S. Creatinine
- S.G.P.T.

**DISCOUNTED HEALTH CHECKUP**

**BLOOD TEST PACKAGE** AT Rs.1990/- only

Mulund (East)

**INDIVIDUAL DISCOUNTED RATE**

Mulund (East)

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | ~~Rs.300~~ | Rs.170 | VIT. D3 | ~~Rs.1650~~ | Rs.790 |
| T3, T4, TSH | ~~Rs.550~~ | Rs.390 | HbA1c | ~~Rs.590~~ | Rs.390 |
| VIT. B12 | ~~Rs.1150~~ | Rs.690 | BL.SUGAR | ~~Rs.70~~ | Rs.50 |

SINCE 1963

NEAR RLY. STATION @Dr.JAYANT MANDOT Pathology Lab

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T. Road, Mulund (East)

Home Visit Available in Mulund

Note : Special Discount on other Blood Test Also

022-2163 7380, 022-2163 4353, 87792 00271



# શ્રી જીયે પઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ મુંબઈ દ્વારા પઠાપીર બાપાની
# ૧૮મી સમૂહ પંચાઉદેગ પહેડી ઉત્સવ હર્ષોલ્લાસ સાથે સંપન્ન






















તા.૭ જુલાઈ રવિવાર કચ્છી નવા વરસ અષાઢી બીજ દિને શ્રી જીયે પઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ મુંબઈ દ્વારા દર વર્ષે પરંપરાગત રીતે યોજાતી પૂજ્ય શ્રી યોગીરાજ ગોપીચંદનાથ પૂ.શ્રી પઠાપીર બાપાની સામૂહિક પેડી આ વર્ષે લગાતાર ૧૮મા વર્ષે સમૂહ પંચાઉદેગ પહેડી સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ મધે ભવ્ય ઉત્સાહ સાથે યોજાઈ.

ઉત્સવ દિને સવારે ૮ કલાકે ગોકુળ શ્યામ બિલ્ડીંગ, દેવીદયાલ રોડથી ૧૧૫ જેટલા ભાવિક ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી. જે મુલુંડના મુખ્ય માર્ગોથી ફરતી સારસ્વતવાડી પહોંચી હતી. અત્રે વિધિવત રીતે શાસ્ત્રોક્ત પૂજન વિધિ કરી સ્થાપના થઈ હતી. બપોરે ૨ કલાકે શ્રી જીયે પઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા પઠાપીર ચાલીસાના પાઠ થયા હતા.

સાંજે ૪ કલાકેથી સૂરસાધક નવીનભાઈ ભાનુશાલી અને અષાઢી કંઠ ગાયક શાંતિલાલ મોજાર અને સાથી કલાકારોએ ભજન સંધ્યામાં ભજન, કીર્તન અને ધૂનની રમઝટ જમાવી હતી. ધૂપ, આરતી સાંજે ૮ કલાકે થયાં હતા. સાંય સમયે વર્ષ ૨૦૨૪ની ૧૮મી સમૂહ પહેડીના ૧૧ મુખ્ય લાભાર્થી પરિવારો જેમાં રતનશી કેશવજી (મમુ મોજાર) પરિવાર કોઠારા, રાજુભાઈ નારાયણદાસ કતિરા વાયોર, નરેન્દ્રભાઈ નારાયણદાસ કેસરીયા સાભરાઈ, નરેન્દ્રભાઈ બાબુભાઈ કેસરીયા ખાવડા, શ્રીમતી મંગલાબેન કાંતિલાલ ભાનુશાલી નુંઘાતડ, નવીનભાઈ જેઠાલાલ ભાનુશાલી-માવ નાની વમોટી, માતુશ્રી બબીબાઈ ઉકેડા મામોટીયા વિંઝાણ, માતુશ્રી લક્ષ્મીબેન વિશનજી હીરજી છેડા પરિવાર નલિયા, શ્રી ડૉ.ખીમજી ઉકાભાઈ નરમ બરંદા, શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ ઘેરાઈ રોહા કોટડા તથા શ્રી જીયે પઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા વાજતે ગાજતે પહેડી થાળ પધરાવી ધન્ય ધન્ય લાભ લીધો હતો.

પહેડી પ્રસાદનો સાંજે ૬ કલાકથી રાત્રે ૧૦ સુધી ૩૪૩૦ જેટલા ભાવિકોએ લાભ ગ્રહણ કરી કૃતાર્થ થયા હતા. ચોવિહારની વ્યવસ્થા રખાઈ હતી. પગરખા સાચવણી કાઉન્ટરની વ્યવસ્થા મંડળ ટ્રસ્ટ દ્વારા કરાઈ હતી. શુકનવંત વરસાદની સતત હેલી વરસતી હોવાથી પહેડી લાભાર્થીઓ તથા ભક્તજનો પહોંચી શક્યા ન હતા. મુંબઈના સેન્ટ્રલ વેસ્ટર્ન ઉપનગરો તેમજ થાણા, નવી મુંબઈ, ડોંબિવલી, કલ્યાણ ઉપરાંત રાજકોટ, વડોદરા, નાગપુર, ડીસા, ચિત્રદુર્ગ કર્ણાટકથી શ્રધ્ધાળુઓની વિશેષ ઉપસ્થિત રહી હતી. સમગ્ર આયોજન વ્યવસ્થા જાળવણી કરવા ટ્રસ્ટ મંડળના માર્ગદર્શન હેઠળ કારોબારી મંડળના સભ્યો, યુવા કાર્યકરો, મહિલા મંડળની બહેનોએ સખત જહેમત ઉઠાવી હ તી અને પહેડી ઉત્સવ કાર્યક્રમ સુચારૂપણે યોજાય એ માટે વ્યવસ્થા જાળવી હતી.







## શ્રી જીયે પઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ મુંબઈ

૧૮મી સમૂહ પંચાઉગદેગ પહેડી વર્ષ ૨૦૨૪ ઉત્સવ ઉજવણી માટે સહયોગી થનારા પહેડીના સર્વે મુખ્ય લાભાર્થી પરિવારો, દાતાઓ સાથે મંડળ ટ્રસ્ટના નિસ્વાર્થ સેવાભાવી કાર્યકર ભાઈ બહેનો, મહિલા ભક્ત મંડળની બહેનો, સારસ્વત વાડીના મેનેજમેન્ટ, સ્ટાફ ભાઈઓ, કેટરર્સ જયેશભાઈ, મુલુંડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને પૂ.પઠાપીર બાપાને માનતા નમતા પરિવારો, નિયાણી, બહેનોનો સહયોગ માટે શ્રી જીયે પઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ મુંબઈ સૌનો અનહદ આભાર માને છે.

આપ સૌ સાથ સહયોગ આવી જ રીતે નિયમિત રીતે દર વર્ષે મળતો રહેશે એ આશા, વિશ્વાસ અને શ્રધ્ધા છે.

સૌને જય પઠાપીર

**ટ્રસ્ટીઓ**
**શ્રી જીયે પઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ મુંબઈ**








## શ્રી જીયે પીર પઠાપીર દેવસ્થાન સંસ્થા મુંબઈ ગુજરાત દ્વારા

# ૧૪ મી સમૂહ પહેડીનું આયોજન થયું

શ્રી જીયે પીર પઠાપીર દેવસ્થાન સંસ્થા મુંબઈ ગુજરાત દ્વારા આયોજિત પૂ.પઠાપીર બાપાની સમૂહ પહેડી (વર્ષ-૧૪) નો કાર્યક્રમ રવિવાર, તા.૭ જુલાઈ ૨૦૨૪ના થયો હતો. જેમાં હજારો ભાવિકોએ પ્રસાદનો લ્હાવો લીધો. ભજન આરાધક સંત શ્રી રૂષભનાથજી મહારાજ બાપુ દ્વારા ભજનની આરાધના કરી હતી. જેની ભાવિકોએ મોજ માણી હતી. પહેડીમાં સવારે ૧૦ વાગે સ્થાપના પૂજન, સાંજે ૪ થી ૧૦ ભજન, સાંજે ૭ વાગે ધૂપ આરતી, સાંજે ૭.૩૦ કલાકે ૧૫૧ કન્યા પૂજન સાથે પહેડી મહાપ્રસાદનો પધારેલ ભાવિકોએ લ્હાવો લીધો અને આ પહેડીમાં સ્થાપક અધ્યક્ષ અશ્વિન મોહનજી ભીડે, વસંત શામજી સેજપાલ, મનોજ પ્રેમજી સેજપાલ, જીતેન્દ્ર ઠક્કર, કમલેશ મજેઠિયા, બાદલ અશ્વિન ભીડે એ સેવા આપી હતી.














# મુલુંડ, થાણા વચ્ચેના પ્રસ્તાવિત નવા સ્ટેશન પરિસરમાં મનોરંજન વિસ્તાર વિકસાવાશે

રેલ્વે મંત્રાલયે થાણે અને મુલુંડ વચ્ચેના પ્રસ્તાવિત રેલવે સ્ટેશન પર મનોરંજન ક્ષેત્રનો વિકાસ હાથ ધરવાનું નક્કી કર્યું છે, જેનાથી સ્થાનિક નાગરિક સંસ્થાના આશરે રૂા.૧૮૫ કરોડના ભંડોળની બચત થવાની અપેક્ષા છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલા એક રિલીઝમાં બુધવારે જણાવ્યું હતું કે દિલ્હીમાં સાંસદ શ્રીકાંત શિંદે (કલ્યાણ) અને નરેશ મહસ્કે (થાણે) દ્વારા હાજરી આપેલ બેઠક દરમિયાન નવા સ્ટેશનની આસપાસ ફરવા માટે મનોરંજન વિસ્તારને વિકસાવવાનું વચન રેલવે પ્રધાને અશ્વિની વૈષ્ણવે આપ્યું હતું. રેલવે મંત્રાલય થાણેમાં નવા રેલ્વે સ્ટેશનના મનોરંજન વિસ્તારના તમામ કામો હાથ ધરશે. નવા સ્ટેશનને કેન્દ્ર સરકારના ‘સ્માર્ટ સિટી મિશન’ હેઠળ વિકસાવવામાં આવશે.

# મુલુંડમાં ધારાવીના રહેવાસીઓને નહીં વસાવાય


મહારાષ્ટ્ર વિધાનસભાના ચોમાસું સત્રમાં કાર્યવાહી કામગિરી દરમિયાન અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અનેક મહત્ત્વની જાહેરાતો પણ કરવામાં આવી હતી. સૌથી મહત્ત્વનો મુદ્દો ધારાવીના પુનર્વસનનો ઉઠાવવામાં આવ્યો હતો. ધારાવીના રહેવાસીઓને પુનર્વસન બાદ મુલુંડમાં રહેવાની જગ્યા આપવામાં આવશે તે મુદ્દો ભૂતકાળમાં મોટો હોબાળો મચ્યો હતો. જોકે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ધારાવીવાસીઓનું પુનર્વસન મુલુંડમાં નહીં કરવામાં આવે, તેવું આશ્વાસન વિધાનસભામાં આપ્યું હતું.

આ ઉપરાંત સ્લમ રિડેવલપમેન્ટ ઓથોરિટી(ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના)ના ઘર વેંચવા માટેની શરતો હળવી કરવામાં આવી હોઇ હવેથી ઓનલાઇન એનઓસી મળી શકશે, તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. મુંબઈમાં અટકી પડેલા એસઆરએના પ્રોજેક્ટનું કામ ઝડપી ગતિએ પૂરું થાય એ માટે પણ મુખ્ય પ્રધાનના સ્તરે યોજના તૈયાર કરવામાં આવી છે અને તેની અમલબજાવણી ટૂંક સમયમાં કરવામાં આવશે.

Follow us on
/gurjarmat
Website :
www.gurjarmat.com
9322257731



SINCE 1982
LagnaDeep
STUDIO
ANNUAL
SALE
1st July to 15th July
upto 30% off
SAREE • LEHENGA • GOWN
INDO-WESTERN • ACCESSORIES
13-15, Jalaram Ashish Society,
Devi Dayal Road, Mulund (West),
Mumbai - 400 080 • T : 022 2568 0807
THURSDAY OPEN
*offer valid on both stores



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિષ વિશારદ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૧૦ જુલાઈ - ૧૬ જુલાઈ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** તમે કોઈની ઈર્ષાનો ભોગ બની રહ્યા છો. હાલ ‘બોલીને બગાડવુ નહી ને નજરમાં આવવું નહીં’, આ સૂત્રને યાદ રાખો. અમૂક લોકો તમારા પર નજર રાખી રહ્યા છે. તમારી અંગત વાતો બહાર ન જાય અને તમારા કાર્યો ગુપ્ત રહે તે માટે પ્રયત્નશીલ બનો. તમારા આ ખરાબ સમયમાં કહેવાતા મિત્રો અને સંબંધીઓ તમારાથી દૂર ચાલ્યા ગયા છે એથી તમને પીડા છે. મારૂ જો માનતા હો તો તમારી અંતરાત્માના અવાજને અનુસરવાનો અને ઈશ્વર પર શ્રધ્ધા રાખીને આગળ વધવાનો માર્ગ અપનાવો. છેવટે સારો રસ્તો નીકળશે ને તમે ફરી ડ્રાઈવીંગ સીટ પર આવી જશો. **સ્રીવર્ગ માટે :** કોઈની ખોટી વાતોમાં આવી ભોળવાઈ ન જવું.

**વૃષભ (બ,વ,ઉ) :** આ સમયે આળસ વધુ રહેશે. પણ બધા કાર્યો કરવાના હોવા છતાં આરામ કરવાની ઈચ્છા જોર પકડશે. પરિવાર સાથે યાત્રાએ જવાનું કે કોઈ દૂરના સ્થળે જવાનું વિચારી શકો છો. ખાવાપીવાની બાબતમાં કાળજી નહી લો તો કેલરીઝ વધી જશે. ફાઇનેન્સની બાબતમાં સાચા નિર્ણયો લેવા શુભેચ્છકોની સલાહ લઈ આગળ વધશો તો સ્વપ્નો સાકાર કરી શકશો. બિઝનેસ માટે લોન લેવી હોય તો હવે અરજી કરી શકો છો. મોટો વારસો મળવાની કે મોટી રકમ જીતો એવી શક્યતા છે. મદીરાપાન કે ધૂમ્રપાનવાળા વાતાવરણથી દૂર રહેવાની સલાહ છે. **સ્રીવર્ગ માટે :** કોઈ ખાસ વ્યક્તિને અહમ નડતો હોય તો તેને સામેથી બોલાવજો.

**મિથુન (ક,છ,ઘ) :** નુકશાન પહોંચાડતા હોય તેમનાથી દૂર રહેવામાં જ ડહાપણ છે. પરિચિત વ્યક્તિ સાથે એક સારા મિત્રથી વિશેષ સંબંધ રાખવા આતુર છો. પણ એમ કરવાથી મૈત્રીને કેવી અસર પહોંચશે એ ચિંતા તમને સતાવી રહી છે. જાતે જ અનુમાન કરવાને બદલે હકીકત જાણી લેવા પ્રયાસ કરો. મારૂ જો માનતા હો તો પ્રેક્ટિકલ બનો, લાગણીશીલ નહી, સમજ્યાને? ઘણા સમયથી કોઈ બિઝનેસ માટે સાહસ કરવા વિચારી રહ્યા છો. હવે એ માટેનો સમય પાકી ગયો હોય એમ જણાય છે. પરિવારના પૂરા સપોર્ટ સાથે આગળ વધવા દૈવી સંકેતો પણ મળશે. **સ્રીવર્ગ માટે :** જીવનના ઊચ્ચ હેતુ સાથે તાદાત્મ્ય સાધો. ઈશ્વરે આપેલી બુધ્ધિનો સમજદારીથી ઊપયોગ કરો.

**કર્ક (ડ,હ) :** લંબાણપૂર્વક ચર્ચા કરવાને બદલે હાલનો સમય સક્રિય બનવાનો છે. જમીન-મકાનને લગતા કે નવા બિઝનેસને લગતા કાનૂની પેપર્સ તૈયાર કરવા સક્રિય બનવુ પડશે. અપેક્ષા નહીં હોય તેવા લોકો તરફથી અણધારી મદદ મળી રહેશે. સમયની પરખ અને મુસદ્દીની નાજુક કળાના તમે માહેર હોવાથી એક મોટી છલાંગ લગાવી શકશો. તમારા પોઝિટિવ અભિગમની અસર જીવનના અન્ય ક્ષેત્રો પર પણ જોવા મળશે એમ જણાય છે. માતા કે પિતાની તબિયત સહેજ અસ્વસ્થ રહે તો તરત સારવાર લેવાની સલાહ છે. **સ્રીવર્ગ માટે :** સંબંધીઓ મળવા આવશે અને સામાજિક જીવન ધમધમવા લાગશે.

**સિંહ (મ,ટ) :** પૂરતી પ્રતિબધ્ધતા ન હોવાથી પ્રિયજન સાથેના વ્યવહારમાં અકળાઈ જાઓ છો. કોઈપણ ભોગે લાગણીશીલ સંઘર્ષ ટાળજો. ધીરજથી કામ લેશો તો જીવનમાં પ્રસન્નતા લાવી શકશો એમ જણાય છે. સામે ચાલીને જવાબદારી સ્વીકારી લેવાનો અભિગમ હાલના તબક્કે ઊપયોગી ઠરશે. જોકે સહેજ મુસદ્દી બનવાની સલાહ છે. અચાનક નોકરીની ઓફર મળવાની સંભાવના છે. બિઝનેસની અદ્દભુત કુનેહ ધરાવતો એક મિત્ર પૈસા કેમ ઈન્વેસ્ટ કરવા એની સલાહ આપશે. પ્રાધાન્યતા નક્કી કરીને કામ કરશો તો લાભમાં રહેશો. **સ્રીવર્ગ માટે :** વધુ પૈસા મેળવી આપવા બદલ દૈવી શક્તિઓનો આભાર માનવાનો સમય છે.

**કન્યા (પ,ઠ,ણ) :** અણધારી પરિસ્થિતિ ઊભી થયાનુ જણાશે. એ પરિસ્થિતિ તમને ચોક્કસપણે સદ્દભાગ્ય તરફ દોરી જઈ રહી છે એમ સમજીને ચાલજો. હાલ સાંપ્રત પ્રવાહ સાથે આગળ વધવું એમાં જ સમજદારી છે. પ્રેક્ટિકલ અભિગમ જાળવશો અને અંતિમ લક્ષ નજર સામે રાખશો તો તકોનો લાભ ઊઠાવી શકશો એમ જણાય છે. નવી નોકરી ઈચ્છતા હો તો બે અઠવાડિયા થોભી જવાની સલાહ છે. એક મિત્ર સાથે બિઝનેસ પાર્ટનરશિપ ટાળજો તો સારૂ. ઘરમાં સાધારણ રિપેરિંગ પાછળ સમયનો ભોગ આપવો પડશે. **સ્રીવર્ગ માટે :** તમે જે પ્રસન્નતાની ક્ષણોની અપેક્ષા રાખી રહ્યા હતા એ છેવટે હકીકત બનશે અને તમારા માટે ઊજવણીનો પ્રસંગ ઊભો થશે.

**તુલા (ર,ત) :** હાલ આખાબોલા ન બનો કે આપ ખુદશાહી ન ચલાવો. મન ખુલ્લુ રાખો અને અન્ય લોકોની વાત પણ સાંભળો એવી મારી સલાહ છે. શાંત અને સમજદારીનો અભિગમ અપનાવશો તો લાભમાં રહેશો. ઘર માટે રોકાણ હાલના તબક્કે યોગ્ય ઠરશે. નવું ઘર તમારા માટે ઘણુ લકી સાબીત થશે. એક મહત્વનો પ્રોજેક્ટ ટૂંક સમયમાં જ વાસ્તવિક્તામાં ફેરવાઈ જવાની તૈયારીમાં છે. ભવિષ્યની સલામતી માટે જે ખામી દેખાતી હોય એ દૂર કરવા પ્રયાસ કરો. ફાઈનેન્સની બાબતમાં નિષ્ણાંત એક મિત્ર તમને પૈસાના વહીવટ વિશે ઊપયોગી સૂચનો આપશે એમ દેખાય છે. **સ્રીવર્ગ માટે :** અંગત જીવનમાં ઘરમૂળથી ફેરફાર થવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં મુશ્કેલી ઊભી કરતી હોય કે તમારા વિકાસમાં અંતરાય ઊભી કરતી હોય એવી સમસ્યા દૂર કરવા નવેસરથી પ્રયાસ કરવો જરૂરી બનશે. હાલ આત્મમંથન કરવા સમય ફાળવો. અણધાર્યા ખર્ચની શક્યતા દેખાય છે. આર્થિક, આધ્યાત્મિક અને લાગણીના સંબંધોમાં પરિવર્તન આવશે અને જીવનદિશા બદલાશે એમ દેખાય છે. દિલ દઈને કામ કરો અને મનમાં કોઈ નવો વિચાર સ્ફૂરે તો બીજાને કહેવામાં ખચકાટ ન અનુભવો એવી મારી સલાહ છે. પ્રોપર્ટી ખરીદવા કે વેચવાને લગતા દસ્તાવેજો ધ્યાનથી વાંચીને પછી સહી કરો. **સ્રીવર્ગ માટે :** તમારા જીવનમાં જેનું ખાસ સ્થાન છે તેના તરફ અક્કડ વલણ રાખવાને બદલે કંઈક આપવાની ભાવના રાખો.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** દરેક બાબતનો ચોક્કસ સમય હોય છે. ઘણા સમય પહેલા અંત આવ્યો છે એ સંબંધોને ફરી ઊખેળીને ઊશ્કેરવાનો કોઈ અર્થ નથી. તમે જીવનમાં જાદુઈ પરિવર્તનના આરે ઊભા છો. ઈશ્વર પર શ્રધ્ધા રાખીને સાચે રસ્તે આગળ વધો એવી મારી સલાહ છે. આ સમયમાં મક્કમ થઈને કામ કરવાનો વખત છે. તમે માતા-પિતા પાછળ પૈસા વાપરો છો, પણ તે એવું ઈચ્છે છે કે તમે પૈસાની બચત કરો. જોકે તમે જે રીતે લાડ લડાવો છો એનાથી તેઓ અંદરખાને ખુશ પણ છે. કાર પાર્ક કરવાની બાબતમાં તકેદારી રાખો ને ટ્રાફિકના નિયમોનું પાલન કરો. **સ્રીવર્ગ માટે :** જરૂર પૂરતું અથવા જે મહત્વનું હોય એટલું જ બોલો, સમજ્યાને?


**મકર (ખ,જ) :** બિનમહત્વના મુદ્દાઓને એક તરફ હડસેલી દેવાની અને મહત્વના મુદ્દાઓ પર લક્ષ કેન્દ્રિત કરવાની તમે આવડત ધરાવો છો. વાસ્તવિકતાનો સામનો કરવાની કુશળતા એ જ તમારી સાચી શક્તિ છે. પરંતુ ઘણીવાર લાગણીના પ્રવાહમાં તણાઈને તમે ભૂલો કરી બેસો છો. તમારામાંથી ઘણાખરા કોઈ ખાસ વ્યક્તિનો સાથ મેળવવા છાની રીતે ઝંખો છો, પણ તમારી લાગણીને ક્યારે પ્રતિસાદ મળશે એની તમને પણ ખબર નહી પડે. પિતા સાથે દલીલમાં ઊતરવાને બદલે તેમનું કહ્યું માનો, કારણ કે તમારૂ હિત તેમને હૈયે વસેલુ છે. વાહન બદલીના યોગ છે. **સ્રીવર્ગ માટે :** તમારા ખયાલોથી જુદા વિચારો સ્વીકારવામાં ખુલ્લુ મન રાખો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** તમારી સજ્જનતા તેમજ મુશ્કેલીમાંથી રસ્તો કાઢવાની આવડતને લીધે કોઈ સંબંધી તેના દાંપત્યજીવનમાં ઊભા થયેલા ખટરાગને થાળે પાડવા તમારી મદદ માગશે. તમે જીવનમાં લાગણીશીલ અને આર્થિક બાબતો વચ્ચે સંતુલનની આશા રાખી શકો છો. અત્યારે પરિસ્થિતિ અને પ્રસંગો તમારી તરફેણમાં છે. થોડો સમય ફેમિલી માટે ગાળવાનું અને આરામ કરવાનું વિચારો તો સારૂં. પ્રોપર્ટીની ખરીદી-વેચાણ માટેનો પોઝિટિવ સમય શરૂ થઈ ગયો છે. આગામી દિવસોમાં તમે અંતર્મુખી બનો એવી શક્યતા છે. યાત્રાના યોગ છે. **સ્રીવર્ગ માટે :** મનમાં ઈર્ષાની ભાવના રહેવાથી કાર્ય શરૂ કરતા પહેલા પૂરતો વિચાર કરજો.

**મીન (દ,ચ,ઝ,થ) :** લાંબો સમય કામ કરવું પડશે અને પરિણામે આરામ કરવાનો જરા પણ સમય નહી મળે. થોડા સમયથી મૂંઝવતા પ્રશ્નોનો ઊકેલ મળતા અંગત જીવનમાં આનંદ છવાઈ જશે. ઈન્વેસ્ટમેન્ટ માટે અને તમને જે મળ્યું છે એ બદલ ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો સમય છે. તમારા કર્મના પ્રતાપે જ તમને મળ્યું છે એ કબૂલ, પરંતુ દૈવી આર્શીવાદ પણ એમાં મહત્વની ભૂમિકા ભજવે છે એ ન ભૂલશો. ભૂતકાળના કોઈ મિત્રનું જીવનમાં પુનરાગમન થશે. હાલ કોઈ અપ્રામાણિક વ્યક્તિ છેતરી ન જાય એનું વિશેષ ધ્યાન રાખજો. ધૂમ્રપાન છોડી દો તો સારૂં. **સ્રીવર્ગ માટે :** માતા-પિતા થોડા સમય માટે તમારી સાથે રહેવા આવી શકે છે.

# Air Pollution (વાયુનું પ્રદૂષણ)





MASK નો ઉપયોગ વધારે કરીએ : સરળ, સસ્તું, અસરકારક Preventive ઈલાજ છે. વાયુનું પ્રદૂષણ એ રસાયાણિક (Chemical), જૈવિક (Biological Matter) અને રજકણીય પદાર્થો (Particulate Matter) નો પરિચય છે. જે માનવી અથવા તો અન્ય જીવસૃષ્ટિને હાનિ પહોંચાડે છે અથવા તો તેઓ માટે અસુવિધા ઊભી કરે છે, તે ઉપરાંત વાતાવરણ (atmosphere)ના પ્રાકૃતિક પર્યાવરણ (natural Environment)ને નુકસાન પહોંચાડે છે.

વાતાવરણ એ અત્યંત જટિલ, ગતિશક્તિ અને કુદરતી વાયુમય સિસ્ટમ છે જે પૃથ્વી (Earth) ઉપરની જીવસૃષ્ટિને જીવન આપવા જરૂરી છે. વાયુ પ્રદૂષણના કારણે સમતાપ આવરણ (strotospheric)માં આવેલા ઓઝોન વાયુના પડમાં પડેલા ગાબડા (ozone depletion)ને ઘણા સમયથી માનવીના આરોગ્ય અને પૃથ્વીના પર્યાવરણ (Eco system) સામે એક મોટા પડકાર તરીકે ગણવામાં આવ્યો છે.

વાહનો, ફેક્ટરીઓ દ્વારા થતા ઈંધણના દહનને કારણે મહત્તમ વાયુ પ્રદૂષણ ફેલાય છે. પ્રદૂષણ ફેલાવવામાં માનવ સર્જી પ્રવૃત્તિઓ જેવી કે જવલન, બાંધકામ, ખાણકામ, કૃષિ અને યુદ્ધનો મહત્વનો ફાળો છે.

ઓદ્યોગિક વિસ્તારોમાં ઝેરીવાયુ ઓકતા કારખાનામાં વપરાતાં કોલસો, ખનિજ તેલ કે કુદરતી ગેસને બદલે જળવિદ્યુત, સૌરશક્તિ, પવનશક્તિ, ગોબરગેસ કે સમુદ્રની ભરતી શક્તિનો વપરાશ વધારવો જોઈએ. પરિણામે ખનીજોની બચત સાથે હવા-પ્રદુષણ પણ ઘટશે.

આજે ખાસ કરીને ફેફસાની શ્વસનતંત્ર અને હૃદય રોગની અસર (શ્વાસમાં તકલીફ, કફ, દમ, ફેફસા નબળા પડવા, ક્ષમતા ઘટી જવી, cystic fibrosis થવાનું જોખમ વધી ગયું છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

**હરીશ ખોંભડીયા પ્રસ્તુત**

**ઈર્શાદ ગઝલ કોર્નર...**

## અષાઢી વરસાદ વરસ્યો

સાંજે નદીએ ભેટીને બે જણ રડી પડ્યાં
જળમાં વહાવીને જૂનું સગપણ, રડી પડ્યાં!
મારા તૂટેલ દિલની કથા સાંભળ્યા પછી,
ન્હોતા જે કોઈ પ્રેમમાં એ પણ રડી પડ્યા!
ડૂમો દબાવીને પડી'તી શેરી ચૂપચાપ
પણ ના રહી શકાયું તો આંગણ રડી પડ્યાં!
મારાં નયનની શુષ્કતા શું આટલી કરુણ?
જોવા ગયો મને હું તો દર્પણ રડી પડ્યાં!
અણસમજુ મારી મૂર્ખતાથી ધ્રુસકે ચડ્યાં,
ને જેના જેનામાં હતી સમજણ, રડી પડ્યાં!
રડવું પડે ધરાર એ વખતે ય ના રડ્યા!
અમથા ઘણીય વાર અકારણ રડી પડ્યા




શ્રી અનિલ ચાવડા
સંકલન :હરીશ ખોંભડીયા

## રાજ્ય સરકારની લેક લાડલી યોજનામાં છોકરીઓને
# શિક્ષણ તેમજ આર્થિક સહાય અપાશે

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાણાં પ્રધાન અજિત પવારે રાજ્યમાં આર્થિક રીતે નબળા પરિવારોમાં જન્મેલી છોકરીઓને તેમનું શિક્ષણ પૂર્ણ કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવા માટે લેક લાડકી યોજના રાજ્યમાં શરૂ કરવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ છોકરીઓને તેમના વર્ગ અનુસાર શિક્ષણની સાથે આર્થિક સહાય પણ આપવામાં આવશે અને જ્યારે છોકરી ૧૮ વર્ષની થશે ત્યારે ૭૫,૦૦૦ રૂપિયાની એકસાથે આર્થિક સહાય આપવામાં આવશે. આ યોજના શરૂ થવાથી રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગની છોકરીઓ તેમનું શિક્ષણ પૂર્ણ કરી શકશે. લેક લાડકી યોજનાની મહારાષ્ટ્ર સરકાર દ્વારા વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટ ભાષણ દરમિયાન જાહેરાત કરવામાં આવી હતી. જે રાજ્યમાં આર્થિક રીતે નબળા પરિવારોમાં જન્મેલી છોકરીઓને પાંચ હપ્તામાં રૂ. ૯૮૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડશે. તેઓ જન્મથી ૧૮ વર્ષની ઉંમર સુધી અભ્યાસ કરે છે અને તેમની જરૂરિયાતો પૂરી કરે છે. આ યોજના હેઠળ છોકરીની ઉંમર ૧૮ વર્ષની થઈ જાય પછી એક જ વારમાં ૭૫ હજાર રૂપિયાની આર્થિક સહાય પણ આપવામાં આવશે.










# મારા ડાયરીના થોડા પાનાં : નાસીક રેલ્વે પ્રવાસની ઉપલબ્ધી




૧૫ વરસ પહેલા દર અઠવાડિયે એકવાર નાસિક કારખાના (Factory) જવાનું થતું હતું. ટ્રેનમાં વાંચવા માટે થોડા પુસ્તકો સાથે રાખતો હતો. જે વાંચન મને સારું લાગે તે વિષય વિચારના મારી નોટ પુસ્તક નોંધ કરીને આ વિચાર લેખન મારફતે તમારી સમક્ષ રજૂ કરતો રહ્યો છું.

માણસની હા માં હા ભેળવતા બધાને આવડે છે. પરંતુ ઈશ્વરની હા માં હા મેળવવા ભાગ્યે જ કોઈકને આવે છે. મોટા ભાગના માણસો ન બોલવા વખતે બોલે છે અને જ્યારે સાચે જ બોલવાનું હોય છે. ત્યારે મૌનવ્રત ધારણ કરી લે છે. જ્યાં સંકલ્પ શક્તિ નથી ત્યાં પરિણામની આશા રાખવી નકામી છે.

માનવીને સાચું નિર્ણય કે ખોટું નિર્ણય લેતા, આવડવું જોઈએ. નિર્ણય ન લેવાની આવડત મનુષ્યને વારસમાં નથી મળતી પરંતુ એના રોંજીદા જીવનમાં બનતી ઘટનાઓમાંથી એની શક્તિ ઘડાય છે. આગળ જતા નિર્ણાયક શક્તિમાં પુરવાર થાય છે.

મારા મિત્ર બાબુરાવ ચંદાવકર સાધનમાં મરાઠી મેગેઝિનમાં એક લેખ વાંચવા મળ્યો હતો. તેમાં એમણે સીઝારે સાવે જ એક ફિલોસોફરના વાતચીતનો ઉલ્લેખ કરેલ. સાવે જ જણાવે છે કે જગતમાં હાલમાં બે શક્તિઓ કામ કરે છે. એક સરમુત્યાર શાહી અને બીજી લોકશાહી. આ બન્ને શક્તિઓથી માનવીના મનને સંતોષ મળેલ નથી. લોકશાહીની એમણે દંડ શક્તિ સાથે સરખામણી કરેલ છે. લોકશાહીના નામે પ્રજામતના નામે પ્રજાને દંડ કરવામાં આવે છે. જેનાથી માનવીનું જીવન સાચા વિકાસના પથે નથી જતું માનવી દંડના ભયની જીવન જીવે છે. એના જીવનમાં મુક્તતા નથી. એના કાર્ય મુક્તહીન નથી. આવી પરિસ્થિતિમાં મનુષ્ય બંધનમાં રહીને વિચાર કરે છે. એની સાચી આઝાદી મળતી નથી.

ઓળખાણો અને સંબંધો અનેક હોય પણ મિત્ર તો કોઈક જ હોય. મિત્ર એટલે જેની સાથે વાતના વિષય શોધવા ન પડે પણ વાત આપ મેળે ઉઘડતી આવે, મિત્રના સાંનિધ્યમાં માત્ર વાતનો જ મહિમા નથી હોતા શબ્દ ન હોય ત્યારે મૌન પણ આપ મેળે બોલતું હોય છે. જેની સાથે રહેવાનું અને થવાનું થઈ શકે તે મિત્ર. આયુષ્યની સળંગ યાત્રામાં જો એકાદ વ્યક્તિને તમે મિત્ર ન બનાવી શકો તો તમારે સમજવું કે તમારામાં કંઈક ખૂટે છે. વફાદાર મિત્ર એ ઈશ્વરનું સાચું પ્રતિબિંબ છે.

એકાંત એટલે હું મારું કોઈ નથી. એકલતા એટલે મારું કોઈ નથી. જે માણસ એકાંત ને જાણતો નથી. એકાંતને માણતો નથી એ માણસ બધાને મળે છે. પણ પોતાને મળતો નથી. પોતાને મળવું હોય તો આસપાસના ટોળાને વિખેરવું જોઈએ. એકાંત એ માણસને પોતાને પામવાની ગુફા છે. જગતને ઓળખવા માટે પણ જાતને ઓળખાવી જરૂરી છે. સ્વભાવને જે જાણતો નથી એ અન્યના ભાવને પણ જાણી નહીં શકે.

પોતાના વ્યક્તિત્વની આસપાસ એકાંત રચવું એ કળા છે. જાત સાથે વાત કરતાં કરતાં ખુદ પોતાને હળવે હળવે ખંખેરી નાખીને ધ્યાનની અવસ્થા પામવી. એકાંત જેવો કોઈ મિત્ર નથીને એકલતા જેવો કોઈ શત્રુ નથી. એકાંત એ જીવનના રાજમાર્ગ પરનું એક મંદિર છે. જ્યાં માણસ પોતાની સમક્ષ પૂર્ણપણે પ્રગટવાનું હોય છે એકાંત પવિત્ર છે.

ફ્રેન્કલિન ડી.રૂઝવેલ્ટ ભૂતપૂર્વ પ્રમુખ અમેરિકા એમની બુક વાંચવા મળી. તેમાં રૂઝવેલ્ટ જણાવે છે કે પોતાની આંતરિક તાકાતને મજબૂત કરો તમારી દરેક ક્ષણ દરેક વિચાર માટે ખુદને જવાબદાર ઠેરવો. જે વસ્તુઓને આપણે સાચી માની છે તેમને ઓળખો. પોતાની આંતરિક તાકાતને મજબૂત કરો અને તમારા અંદરે જે નિંદક બેઠો છે તેને ચૂપ કરાવી દો. પોતાની તાકાત અને નબળાઈઓને સ્વીકાર કરો. તેમના અંતરને ઓળખો.

મેં સારા જીવન રસ્તો પસંદ કર્યા. મેં નિશ્ચય કર્યો કે હું ડરની ગુફામાંથી બહાર નિકળીશ અને જે રસ્તો પર ક્યારેય ચાલ્યો નથી. તેના પર ચાલીશ મેં એક સારું જીવન પસંદ કર્યું હવે હું એકલો ન હતો કેમ કે મેં ડરવાનું અને પોતાની સાથે કાલ્પનિક વાતો કરવાનું બંધ કરી દીધું હતું. આપણું ભવિષ્ય થવામાં એક માત્ર અડચણ આપણી વર્તમાનની શંકાઓ છે.




# શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા ત્રીજા પાટોત્સવ સાથે અષાઢી બીજની હરખભેર ઉજવણી થઈ : નિઃશુલ્ક આઈ ચેકઅપ અને બ્લડ ટેસ્ટ કેમ્પ યોજાયો










શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા કુળદેવી શ્રી દરિયાલાલ મંદિરનો તૃતીય પાટોત્સવ અને કચ્છી નવા વરસ-અષાઢી બીજની ઉજવણી નિમિત્તે તા.૭ જુલાઈ રવિવારના ધાર્મિક ભક્તિ, પૂજા સેવા સહિત માનવ સેવાના કાર્યક્રમો યોજાયા.

મહાજનવાડી સ્થિત દરિયાસ્થાન મંદિરે સવારે ૮ કલાકે પૂજા, ૧૦ કલાકે ધ્વજારોહણ, ૧૦.૩૦ કલાકે આરતી તેમજ સાંય ૭.૩૦ કલાકે મહાઆરતી કરાઈ હતી. સવારે ૧૦ થી રાત્રે ૧૦ દરમ્યાન દડિયા પ્રસાદનું વિતરણ કરાયું હતું.

સવારથી રાત દરમ્યાન બહોળી સંખ્યામાં ભાવિક ભાઈ-બહેનો દર્શન પ્રસાદનો લાભ લઈ કૃતાર્થ થયાં હતાં. ચિર પરિચિતજનો, સ્નેહી મિત્રોને કચ્છી નવ વરસની શુભેચ્છા આપી હતી. સમાજના વિવિધ અગ્રણીઓ, મુલુંડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ પણ પધારી લાભ લીધો હતો. અષાઢી ગુપ્ત નવરાત્રિ નિમિત્તે બહેનોએ રાસ ગરબા કરી માડી ભક્તિ કરી હતી.




સમાજ સેવા હેતુસર લાયન્સ ક્લબ ઓફ મુલુંડના સહયોગથી નિઃશુલ્ક આઈ ચેકઅપ તથા બ્લડ ટેસ્ટ કેમ્પ યોજાયો હતો. નંબર ધરાવતા ગરજુઓને માત્ર રૂ.૫૦ના દરે ચશ્મા અપાયા હતા. મોતિયા બિંદુ ધરાવતા ૧૮ દર્દીઓને મહાજન કાર્યાલયમાં ફોર્મ ભરીને નિઃશુલ્ક ઓપરેશન કરાવી આપવાની વ્યવસ્થા કરી અપાઈ હતી. કેમ્પના ચીફ ગેસ્ટ ડીસ્ટ્રીક સાઈટ ચેરપર્સન ભરત દત અને તેમની ટીમ હાજર રહ્યાં હતાં. બ્લડ ટેસ્ટ કેમ્પ માટે લાયન્સ ક્લબ ઓફ મુલુંડના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ધારાસભ્ય મિહિર કોટેચાના માર્ગદર્શન હેઠળ, તેમની ટીમ આ પ્રસંગે મતદાર નોંધણી, વોટર આઈ કાર્ડ નોંધણી ઝુંબેશ કરી ઈચ્છુકોને ઉપયોગી થયાં હતાં. આ વ્યવસ્થાનો લાભ બહુ સંખ્યામાં લોકોએ લીધો હતો.

સમગ્ર ઉત્સવ દરમ્યાન તથા સેવા કાર્યોમાં પધારનાર સૌને મહાજન ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓએ આવકાર આપ્યો હતો.



# જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડની ગોવા ટૂરમાં મેમ્બર્સે ખૂબજ આનંદ માણ્યો








જૈન સોશ્યલ ગ્રુપની લક્યુરિયસ ગોવા ટૂરમાં ૩ રાત્રી ૪ દિવસના પ્રવાસ દરમ્યાન બીચ ઉપર સુંદર મજાનું રિસોર્ટસ, નિત નવા ભોજન અને સાઈટસીંગ તેમજ અવનવી રમતોનો આનંદ માણ્યો.

પ્રમુખ જયંતીભાઈ મૈશેરીનો આભાર માનતા સર્વેએ જણાવ્યું કે વર્ષ દરમ્યાન આવા ૨ થી ૩ પ્રોગ્રામ આપશો તો મજા આવશે દરેક મેમ્બર્સને આગામી ફોરમ ટુર તા.૧૯ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ૧૧ રાત્રી ૧૨ દિવસ 'આઈસલેન્ડ' જશે. જેને પણ જોડાવવાની ઈચ્છા હોય તેમણે પ્રમુખશ્રીનો સંપર્ક કરવો.

ગ્રુપનો આગામી કાર્યક્રમ કાલિદાસ ખાતે ગુરૂવાર તા.૧૮ જુલાઈ અને મંગળવાર તા.૨૨ જુલાઈના રાતના રાખવામાં આવશે. તો સૌ આ તારીખ નોંધી રાખશો. જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડના નવા સભ્યપદ બનનારને સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે તો આ તક ઝડપી લેવા વિનંતી.

પ્રમુખ-જયંતીલાલ મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦, માનદ્‌મંત્રી: દિલીપભાઈએચ.શેઠ-૯૮૨૦૬૯૬૮૪૮, ડિમ્પલબેન આર.કોરડીયા-૯૮૬૯૬૬૦૨૯૦.









# મહાદેવ મહિલા મંડળ મુલુંડ અને સેવારામ ફાઉન્ડેશન દ્વારા માતાની ચોકીનો પ્રોગ્રામ

મહાદેવ મહિલા મંડળ અને સેવારામ ફાઉન્ડેશન દ્વારા આયોજીત માતાની ચોકીનો પ્રોગ્રામ તા.૦૫ જુલાઈ શુક્રવારે મહાદેવના સાનિધ્યમાં શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિરમાં રાખવામાં આવ્યું હતું. ત્રિવેણી ગોસ્વામી દ્વારા સ્થાપિત મહાદેવ મહિલા મંડળના આ પ્રોગ્રામમાં ભરતભાઈ અમેસર અને ઉષાબેન ગોસ્વામી, ઉજાશબેન ભાનુશાલી, ભારતીબેન ઠક્કર, વૈશાલીબેન ઠક્કર અને નીતાબેન સોમૈયાના સાથ સહકારથી અને દાદરથી આવેલા માતાની ચોકીના ગાયક અ.સૌ. શ્રીમતી હિનાબેન ગોસ્વામી અને સાથી કલાકારો એ આ માતાની ચોકીમાં રમઝટ જમાવી મહિલાઓને મોજ કરાવી હતી.



GS SHETTY CRYSTAL HALL

Crystal hall, has exquisite interiors and high ceiling to give it a Crystal look. It has a floating capacity for 125 people (Seating Capacity 70 people). The dining area is separate and on the same level, hence facilitates easy flow of people, The hall is fully air-conditioned comes with kitchen space & excellent washroom with a glance of Gautam Buddha.





Gala No.5, Dr Rajendra Prasad Rd, Jagjivan Ram Nagar, Mulund West, Mumbai, Maharashtra 400082

Contact Details - 8452037666




Saatvik
FOOD HUB

VEG MEAL TRAY / ORIENTAL MEAL TRAY
TO ORDER ONLINE
zomato SWIGGY
www.fofcuisine.petpooja.com
F29 Runwal Galleria, Runwal Greens, Mulund Goregoan link road,Mulung West



Call For Delivery - 955 955 6797 | 955 955 9459

# સિનિયર સિટિઝન અને મહિલાઓ માટે આ MNC (સરકારની માન્યતા પ્રાપ્ત કંપની) LIFE CHANGER બની રહેશે



મુલુંડ વેસ્ટ વીપી રોડ પર લાઈન્સ ક્લબ પીકે પવાની હોલમાં ગઈ કાલે સાંજે એક અગ્રણી MNC (સરકારની માન્યતા પ્રાપ્ત કંપની)નું સેમિનાર યોજાયુ હતું જેમા થાણે, મુલુંડ, ભાંડુપ, ઘાટકોપર વિસ્તારમાં રહેતા આશરે ૧૫૦ સિનિયર સિટિઝનો અને મહિલાઓ હાજરી આપી પોતાની લાઈફની બીજી ઈનિંગ કઈ રીતે શરૂ કરવી એ માટેની માહિતી મેળવી હતી આમાના ૧૪ થી ૧૫ લોકો આ MNC (સરકારની માન્યતા પ્રાપ્ત કંપની)માં ગઈ કાલે જ જોડાઈ ગયા હતા. આ જોડાણ દ્વારા તેઓ તેમના સમય પ્રમાણે કામ કરીને સારી એવી આવક મેળવી શકશે. આ MNC (સરકારની માન્યતા પ્રાપ્ત કંપની) સાથે જોડાઈને તમે પણ સેલ્ફ ઈન્કમ કમાઈને પગભર થઈ શકો છો. આ કેરિયર / બીઝનેસની ઉજળી તક માટેની વધુ માહિતી લેવા નિચ્ચે આપેલા નંબર પર સંપર્ક કરો.

મુલુંડમાં રહેતા ગૃહિણી ઝંખના હરિયાએ કહ્યું હતું કે આજે ફાસ્ટ ભાગતી દુનિયા સાથે ચાલવા માટે પૈસા સવથી મોટો રોલ ભજવે છે આપણી રોજીદી લાઈફમાં આપણે કેટલાક લોકો સાથે મળતા હોય છે અને તેમની સાથે સંવાદ કરતા હોય છે બસ અમારી આ MNC (સરકારની માન્યતા પ્રાપ્ત કંપની) સાથે જોડાયને પણ તમારે આજ કરવાનુ છે તમે





ગઈ કાલના સેમિનારમાં હાજર જે લોકો જોડાયા હતા એમને MNC (સરકારની માન્યતા પ્રાપ્ત કંપની) કંપની દ્વારા ગિફ્ટ આપી હતી.



તમારી આસપાસના લોકો અને તમારો ખુબજ મોટો ફાયદો અમારી સાથે જોડાયને કરી શકો છો માત્ર પૈસા જ નહી પણ તમારી એક ઓળખ પણ અમારી સાથે મળી તમે ઉભી કરી શકો છો જેના માટે અમે તમારો સપોર્ટ સિસ્ટમ બનશું.

આ ગ્રુપતો લાઈફ ચેન્જર મારા માટે સાબિત થયુ છે એમ જણાવતા થાણેમાં રહેતા પારૂલ મહેતાએ કહ્યું હતું કે સિનિયર સિટિઝનો રિટાર્યમેન્ટ પછી એકલું જીવન જીવતા હોય છે તેઓના હાથમાં કોઈ કામ ન હોવાને કારણે દિવસ કેવી રીતે પસાર કરવો એ સવથી મોટો પશ્ન એમના માટે ઉભો થતો હોય છે. એવી જ રીતે હાઉસ વાઈફ મહિલાઓ પણ સમય જલ્દી પસાર થતો નથી પણ જો આવા લોકો MNC (સરકારની માન્યતા પ્રાપ્ત કંપની) સાથે જોડાય તેઓ તેઓને પ્રવૃત્રી પણ કરવા માળે નવી-નવી ચીજો શીખવા પણ મળે સાથે મોટી ઇન્કમ પણ થઈ જતી તેઓના બાકી સપના આ માધ્યમથી પુરા કરી શકે છે. જો રાહ શેની જૂઓ છો તુંરત નીચે આપેલા નંબર પર ફોન કરી અમારી સાથે જોડાઈ જાવ.

- ★ પગાર + અમર્યાદિત ઈન્સેન્ટીવ
- ★ PF+મેડિકલ બેનિફિટ
- ★ વિદેશી સંમેલનો
- ★ વર્ક ફ્રોમ હોમ વિકલ્પ
- ★ કોઈ લક્ષ્ય નથી
- ★ ઉત્તમ તાલીમ અને ટીમ સપોર્ટ

**Contact: 98693 78430/ 70218 15784**


Bake Live Studio

MULTIGRAIN BREADS

BREADS ARE NON-NEGOTIABLE,
MAKE HEALTHIER CHOICES WITH US!



- More Healthier
- Rich in Fibre & Protein
- No Maida
- Low in Sugar & Fat
- Clean Label
- 100% Multigrain Breads

Images Used Are For Representation Purposes Only

ENJOY FRESH, WARM BREAD DELIVERED EVERY DAY FROM 8AM TO 11PM

Order Now!

Available on pre- order*

Scan here to view our bread range!

*T&Cs Apply.

Girgaon Chowpatty- 08591306565 Colaba - 9029343535 Mulund- 08591407575



ગુર્જરમાત ફન ક્લબ

વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર

કોઈપણ નોટબુક

72 પેજ, 140 પેજ અને 172 પેજીસ

એક ડઝન પર એક ડઝન ફ્રી

BUY ONE GET ONE FREE



A-4 બુક A-5 બુક લોંગ બુક જમ્બો બુક

B-3, Krishna Kunj, Valji Laddha Road,
Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).
Contact : 98690 05403 / 93222 57731

# અનુશાસન (ભાગ-૧)



## સંગિની સૌરભ

સંકલન - હિના પારેખ
મો.૯૮૬૭૪૫૯૫૧૫
- બીના કીર્તિ શાહ



અનુશાસન એટલે જે વ્યક્તિ જાગૃત હોય એમની નિશ્રામાં રહીને સ્વયંની જાગૃતતા પ્રગટાવવી!!

જો મારી આંતરિક જાગૃતતા હોય કે કેવી સ્થિતિમાં મારે શું કરવું અને કઈ પરિસ્થિતિમાં મારા માટે શું યોગ્ય છે તો એ મારા માટે મારું અનુશાસન કહેવાય પણ જો મારામાં એ જાગૃતતા કે એ પ્રકારની સૂઝબૂઝ ન હોય કે ક્યારે અને કેવી સ્થિતિમાં મારે શું કરવું જોઈએ તો મારે કોઈ પણ સત્પુરુષ, સદ્‌ગુરૂ, પરમાત્મા કે સંતની નિશ્રામાં એમની આજ્ઞાનુસાર મારૂં જીવન ગોઠવવું જોઈએ. એ સત્ વ્યક્તિને મારી અનુશાસક બનાવવી જોઈએ.

જિનશાસન સર્વને પ્રેરણા આપે કે કેવી રીતે આત્માનું કલ્યાણ કરાય. કેવી રીતે આત્માની શુધ્ધિ કરાય અને કેવી રીતે સિધ્ધિ સુધી પહોંચાય. અનુશાસનમાં દરેક વ્યક્તિને એની યોગ્યતા અને પાત્રતા અનુસાર પ્રેરણા કરાય.

જિનશાસનમાં તીર્થંકર પરમાત્મા ઉપદેશ આપે જે સર્વોપરિ હોય. સર્વને માટે હોય અને સર્વને લાગુ પડતો હોય. જ્યારે અનુશાસનમાં ગુરુ, આચાર્ય કે ઉપાધ્યાય આદેશ આપે અને એ એક માટે હોય.

આદેશની અનુપાલનાને અનુશાસન કહેવાય. એક હોય મલ્ટી વિટામીન અને એક હોય મેડીસીન. મલ્ટી વિટામીન કોમન હોય, કોઈને પણ ક્યારે પણ આપી શકાય. જ્યારે મેડીસીન વ્યક્તિગત, વ્યક્તિના રોગ અને તાસિર અનુસાર જ અપાય, જિનશાસન મલ્ટી વિટામીન જેવું હોય જ્યારે અનુશાસન મેડીસીન જેવું હોય.

જ્યારે આચાર્ય કે ગુરુના અનુશાસનમાં રહેનારી વ્યક્તિમાં સુધારો અને પરિવર્તન બંને નિશ્ચિત આવે જ !માટે જ, ભગવાને કહ્યું છે, ન શકે'. 'ગુરુ બન્યા વગર અનંતા જીવો મોક્ષમાં ગયાં છે પણ ગુરુ બનાવ્યા વિના એક પણ જીવ મોક્ષમાં જઈ જિનશાસનમાં તીર્થંકર પરમાત્મા સર્વને ઉપકારી એવો ઉપદેશ આપે. એ ક્યારેય એમ ન કહે કે તારે માટે આ યોગ્ય છે અને તારે આ કરવું જોઈએ. તેઓ હંમેશાં જન સામાન્ય જ વાત કહે કે, આ કરવા યોગ્ય છે અને આ કરવું જોઈએ.

જ્યારે અનુશાસક એવા ગુરુ કે આચાર્ય વ્યક્તિગત એના રસ અને રૂચિ પ્રમાણે આદેશ આપે, તે વ્યક્તિગત ઉપકારી હોય.

ભગવાન કહે છે, દુનિયામાં દસ પ્રકારની રૂચિવાળા જીવો હોય છે. કોઈને પ્રવચન ગમે તો કોઈને સ્વાધ્યાય, કોઈને જપ ગમે તો કોઈને તપ, કોઈને ભક્તિ ગમે તો કોઈને ગીત-સંગીત !!

યથા રૂચિ તથા પ્રવૃત્તિ હોય.જેની જેમાં રૂચિ વધારે હોય, તે તેમાં એક્ટીવ વધારે હોય.

કેટલાંકને તત્ત્વજ્ઞાનના ઊંડાણમાં રસ હોય તો કેટલાંકને તત્ત્વજ્ઞાનની વાતો સાંભળતાં જ ઊંઘ આવવા લાગે. કેટલાંકને લેખન કાર્ય ગમે તો કેટલાંકને વાંચન !

રૂચિ અનુસાર વ્યક્તિની ગતિ હોય.

તીર્થંકર પરમાત્મા મહાવીર જે ઉપદેશ આપે તે દસ રૂચિ પ્રમાણે આપે જ્યારે ગુરુ કે આચાર્ય જે આદેશ આપે તે તમારી રૂચિ જોઈને આપે, જેથી તમે તે દિશામાં વધુ પ્રગતિ કરી શકો.

જે વ્યક્તિ તમારી રૂચિને જાણતા હોય અને તમારી રૂચિ પ્રમાણે પ્રકૃતિને ખીલવતા હોય તે જ તમારા ગુરુ કે આચાર્ય હોય, તે જ તમારા અનુશાસક હોય.

જિનશાસનનું પાલન સહેલું અને સહજ હોય છે. અનુશાસનનું પાલન આકરું અને અઘરૂં હોય છે.

જિનશાસનમાં વ્યક્તિગત તમને કાંઈ કહેવાના નથી. ક્યાંય અટકાવવાના નથી, જ્યારે અનુશાસનમાં ગુરુ કે આચાર્ય તમને આકરી આજ્ઞા પણ આપે છે અને ખોટા માર્ગે જતાં અટકાવે પણ છે. જિનશાસન તમને આંગળી ચીંધે છે, તમને રાહ બતાવે છે. જ્યારે અનુશાસક તમારી આંગળી પકડે છે અને તમને એ રાહ પર લઈ જાય છે.આંતરિક પરિવર્તન અરિહંતથી નહીં, આચાર્યથી આવે. અનુશાસન વિના જિનશાસન મળે ખરૂં પણ ફળે નહીં.

અનુશાસન વિના એટલે કે પોતાની ઈચ્છાથી આરાધના કરવી એનો મતલબ આરાધના રૂપી ખીરના તપેલામાં ઈચ્છા રૂપી ઝેરનું ટીપું નાંખવું. ઈચ્છાથી કરેલી આરાધનામાં કર્તૃત્વભાવ આવે છે જે અંતે આરાધકને વિરાધક બનાવે છે. વિરાધક બનવું એટલે જિનશાસનથી દૂર થવું. જે વિરાધક બને છે તેને ભવિષ્યમાં જિનશાસન મળતું નથી. ભગવાને ક્યારેય કહ્યું નથી કે સામાયિક મારો ધર્મ છે, પ્રતિક્રમણ મારો ધર્મ છે કે ઉપવાસ અને અહિંસા મારા ધર્મ છે. ભગવાન જાણતા હતાં કે આજ્ઞા વિનાની આરાધના વ્યક્તિની ઈચ્છા અને અહમને પોષનારા બનશે એટલે જ ભગવાને જિનશાસનનું મહત્ત્વ વધારવા કહ્યું કે, 'આજ્ઞા એ મારો ધર્મ છે.'એટલે વ્યક્તિનો ભાવ એ હોવો જોઈએ કે, ગુરૂદેવ!આપની આજ્ઞા હોય તો મારે ઉપવાસ કરવા છે. આજ્ઞા પછી કરેલા ઉપવાસમાં આજ્ઞા પાલનનું કર્તવ્ય હશે. ઈચ્છાનો કર્તૃત્વ ભાવ નહીં હોય.પ્રતિક્રમણની શરૂઆતમાં પણ 'ઈચ્છામિં ભંતે...'દ્વારા ભગવાને એ જ બતાવ્યું કે, જો તમારી આજ્ઞા હોય તો મારે પ્રતિક્રમણ કરવું છે. પ્રતિક્રમણ આત્માને શુધ્ધ કરવાની પ્રોસેસ હોવા છતાં તેમાં પણ આજ્ઞાનું મહત્ત્વ બતાવ્યું છે.માનવ મનની માનસિક્તા હોય છે, સંસારમાં તો દરેક વાતમાં... દરેક કાર્યમાં એમ કહેતો હોય છે કે આ મેં કર્યું, મેં આમ કર્યું... અને એ જ માનસિક્તા સાથે ધર્મક્ષેત્રમાં પણ આવે છે અને એમ કહે છે, મેં ઉપવાસ કર્યો, મેં પ્રતિક્રમણ કર્યું. માટે જ ધર્મમાં અનુશાસનનું મહત્ત્વ દર્શાવ્યું છે.અનુશાસન વિનાની આરાધનાથી ગુણમાંથી અવગુણ પ્રગટ થાય છે.

# મુલુંડની હીરા મોંઘી નવનીત હૉસ્પિટલ મુલુંડકરો માટે આશીર્વાદ રૂપ છે

હીરા મોંઘી નવનીત હૉસ્પિટલ મુલુંડની જનતા માટે ભગવાન ના આશીર્વાદ છે જ્યાં તમામ સારવાર માટે અદ્યતન સાધનો અને નિષ્ણાત ડોક્ટરો સેવા આપે છે. જ્યાર થી હૉસ્પિટલ બની છે, ત્યારથી બીજી પ્રાઈવેટ હોસ્પિટલ કરતા ૩૦ - ૪૦% ચાર્જ ઓછા હોવાથી અત્યારે સુધીમાં અનેકવાર જવાનું થયુ હતુ.

પણ આ વખતે આંખ ના ચેક અપ માટે જવાનું થયું તો ત્યાં ડો. પ્રિયંકા આહુજાએ પુરા ચેક અપ પછી કહ્યું કે તમને બંને આંખમાં મોતી બિંદુ છે પણ જમણી આંખમાં તકલીફ વધારે છે, જેનુ ઓપરેશન જરૂરી છે, જરૂરી ટેસ્ટ લખી આપ્યા અને જો બધા રિપોર્ટ બરાબર આવે તો બીજા વીક માં લેન્સ નુ માપ લેવાનું નક્કી થયું.

અંહી બિલીંગ કાઉન્ટર થી લઈને પેથોલોજી લેબોરેટરી-એક્સ-રે - કાર્ડીયોગ્રામ સુધી સ્ટાફ નો સહકારથી સુખદ આશ્ચર્ય થયું.

સુગર ટેસ્ટ માટે ભુખ્યા પેટે જવુ અને ફરી નાસ્તો કરીને જવા માટે હૉસ્પિટલમાં આવવુ જવુ, એ અગવડ રુપ થશે, તો બહાર રિપોર્ટ કરાવવાની છુટ આપી.

લેન્સનુ માપ લઈને ઓપરેશનની તારીખ નક્કી થઈ એટલે મેડીકઇલેમ માટે પેપર સબમિટ કર્યા, તો મનમાં એમ હતુ કે સાંજ સુધીમાં ટીપીએ કન્ફર્મેશન આપશે, પણ હૉસ્પિટલ તરફથી ગણતરીની મિનીટોમાં પેપર સબમિટ થઇ ગયા હોવાથી સવા કલાકમાં કન્ફર્મેશન આવી ગયું.

આગલા દિવસે હોસ્પિટલમાં ફોન કર્યો કે મોતિબિંદુનું ઓપરેશન તો નાનું છે તો જમવાનું ઘરનુ લાવવા દેશો કે ત્યાંથી આપશો?

ફોન ઓપરેટર બહેને મારો




નંબર લીધો અને દસ મિનિટમાં ફોન આવ્યો કે તમને જમવાનું અંહીથી આપશું, પણ તમને ડાયાબિટીસ છે? તો એ પ્રમાણે વ્યવસ્થા કરશું,

તા.૩ જુલાઈ ના ઓપરેશન માટે પહોંચ્યો તો મારા આશ્ચર્ય સાથે બિલીંગ કાઉન્ટર થી લઈને વોર્ડ સુધી પરફેક્ટ કોઓર્ડીનેશન હતું.

ત્યાં જનરલ રૂમમાં બેડ આપેલ, પણ પુરી મોકળાશ હતી, હજી એ રૂમમાં ૧૦ બેડ મુકે તો પણ ચાલે. ઉપરથી પ્રાઈવસી જોઇએ તો કર્ટનની વ્યવસ્થા હતી.

નીચેથી લઇને ઉપર જનરલ વોર્ડના ટોઇલેટ સુધી જે સાફ સફાઈ હતી, તે ઉડીને આંખે વળગે તેવી હતી.

જનરલ વોર્ડમાં પહોચવા સાથે જ હૉસ્પિટલ તરફથી સરભરા ચાલુ થઈ ગઈ, સાથે ઓપરેશન પહેલા આંખ માં ટીપા નાખવાથી લઇને ફાઇનલ ચેક અપ અને સુગર લેવલ-બ્લડ પ્રેશર માપવામાં આવ્યા, ત્યાં પહેરવા માટે સાફ સુથરો ડ્રેસ આપવામાં આવ્યો.

ઓપરેશન થિયેટર હાઇજીનીક રહે અને ઓપરેશન દરમિયાન કોઈ દર્દીને ઇન્ફેક્શન ના લાગે તે માટે બે દરવાજા પાર કર્યા પછી ઓપરેશન થિયેટર છે, તેમાં પણ ઓપરેશનની જરૂરિયાત મુજબ અલગ અલગ ઓપરેશન રૂમ છે.

ઓપરેશન પછી સ્વાદિષ્ટ ઉપમા-ચા આપી, જમવાના સમયે ઘર જેવું જ સ્વાદિષ્ટ ભોજન આપી ગયા.

ટૂંકમાં કહીએ તો બિલીંગ કાઉન્ટર પર-ફોન ઓપરેટર-સિક્યોરિટી ગાર્ડ-મૌસી-મામા-ડાયેટીશીયન-નર્સ-ડોક્ટર એમ બધો સ્ટાફ વિનયી-કો ઓપરેટીવ અને સરળ, થોડુ કહીએ ત્યાં પુરી વાત સમજી જાય.

મારૂ ઓપરેશન કર્યું તે ડો પ્રિયંકા આહુજા ની ઉંમર તો ૩૦/૩૫ વર્ષ હશે, પણ તેનો આત્મવિશ્વાસ જોઈને મને જરા પણ હિચકિચાટ ના થયો કે ના ડર લાગ્યો. આજે ઓપરેશનને પાંચ દિવસ થયા પછી એમ કહી શકાય કે ઓપરેશન ૧૦૦% સફળ થયુ છે.

સૌથી મહત્વપુર્ણ સવાલ આપ સર્વેના મનમાં આવશે કે કેટરેક્ટ ઓપરેશન નો ચાર્જ શું લીધો?

ઓપરેશન પહેલા ટીપીએ પાસે imported soft lence માટે રૂા.૨૪૭૦૦/- પાસ કરાવ્યા હતા, છેલ્લે બિલ રૂા.૨૩૭૦૦/-નું બનાવી ટીપીએને મોકલ્યું.

આ માટે હીરા મોંઘી નવનીત હૉસ્પિટલના ટ્રસ્ટ બોર્ડ અને મેનેજમેન્ટનો ખરા હૃદયથી આભાર.

મને સર્વિસ બરાબર મળી એટલે કદાચ કોઈ એમ થાય કે મેં ત્યાં મારી ઓળખાણ આપી હશે, મેં કોઈ ઓળખ આપ્યા વિના જ સારવાર કરાવી હતી.

**- ભુપેન્દ્રભાઈ ઠક્કર**



ચાલો જન્માષ્ટમી ઉજવીએ....
શ્રી
ગુર્જરમાત પ્રસ્તુત
કૃષ્ણ લીલા
(દ્વિતીય વર્ષ)
હિના ઠક્કર અને સાથી કલાકારો સંગે
ગીત, સંગીત અને નૃત્યના સથવારે
સ્પોન્સરશીપ તેમજ જાહેરાતો આવકાર્ય
મંડળો તેમજ સંસ્થાઓને પ્રથમ પસંદગી
સોમવાર, તા.૨૬ ઓગસ્ટ, રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ (વેસ્ટ).
સંપર્ક : 9322257731 • 9769305488

# શ્રી કચ્છી લોહાણા મહાજન-મુંબઈ દ્વારા અષાઢી બીજની ઉત્સાહપૂર્વક ઉજવણી

શ્રી કચ્છી લોહાણા મહાજન-મુંબઈ દ્વારા રવિવાર, તા.૭ જુલાઈના રોજ કચ્છી નવા વર્ષ અષાઢી બીજની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવી હતી. સવારે ૧૦ કલાકે ચોપાટી ખાતે દરિયાપૂજન કરવામાં આવ્યું હતું. બપોરના ૧૨ વાગ્યે દરિયાસ્થાન મંદિર ખાતે સામૈયું અને ત્યારબાદ સમૂહ આરતી કરવામાં આવી હતી. વરસાદને કારણે બહુધા ભાવિકો પહોંચી શક્યા ન હતા. મહાપ્રસાદનું આયોજન રઘુવીર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. પૂજનમાં પંકજભાઈ ઠક્કર, ભાવિકભાઈ તન્ના, પંકજભાઈ કારિયા, દિલીપભાઈ સોમૈયા, હરેશભાઈ મજેઠીયા, વિપુલભાઈ ઠક્કર ઇત્યાદિ સહભાગી થયા હતા. પૂર્વ પ્રમુખ વસંતભાઈ માણેકએ પણ દર્શનનો લાભ લીધો હતો. સંધ્યાબેન ભીડે, કિશોરભાઈ ચંદન પણ પરિવાર સહિત પધાર્યા હતા. શ્રી કચ્છી લોહાણા મહાજન-મુંબઈ મહાજનના પ્રમુખ નીતિનભાઈ પાંધી નાદુરસ્ત તબિયતના કારણોસર કાર્યક્રમમાં પહોંચી શક્યા ન હતા.









ગુર્જરમાત ફન ક્લબ
આયોજિત
મુલુંડની મહિલા મંડળો, કિટી પાર્ટીઓ
તેમજ મહિલા ગ્રુપો
માટે ગુર્જરમાત ફન ક્લબ તરફથી તદ્દન મફત
મહિલા બ્યુટી ટીપ્સ અને ગ્રુમીંગ પ્રોગ્રામ
ફોન કરો અને તમારા મેમ્બરોને
વિશેષ ગીફ્ટ અપાવો.
તેમજ પ્રોગ્રામ દરમ્યાન
ઈનામો મેળવો.
ફક્ત 30 ગ્રુપોને
આ લાભ મળશે.
વધુ વિગત માટે સંપર્ક : 7208071090



શ્રી પ્રગતિ ફાઉન્ડેશન
હીરા-મોંઘી નવનીત હોસ્પિટલ
Care with human touch
વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. Tel. : 022-3504 3504
સંસ્થાના કર્મનિષ્ઠ...કર્તવ્યનિષ્ઠ વાઈસ પ્રેસિડેન્ટ
શ્રી ચેતન ખેરાજ દેઢિયા
(ગઢસીસા - મુલુંડ) ની
રાજ્યમંત્રીના દરજ્જારૂપે
મહારાષ્ટ્ર સ્ટેટ માયનોરીટી કમિશનના
વાઈસ ચેરપર્સન પદે તથા
શ્રી અખિલ ભારત જૈન
અલ્પસંખ્યક મહાસંઘના
રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદે
નિયુક્ત થવા બદલ
બમણી બમણી શુભેચ્છાઓ...
પ્રબળ પુરૂષાર્થ, સૌમ્યશીલ સ્વભાવ
અને માનવસેવા એજ પ્રભુ સેવાને
આત્મસાત કરનાર
શ્રી ચેતનભાઈની જ્વલંત સિદ્ધિઓ પર
અમારી સંસ્થા ગૌરવ અનુભવે છે.
સમાજ-રાજકીયક્ષેત્રે આપે
જે હરણફાળ ભરી આભની ઉંચાઈઓ
સર કરી છે તે બદલ
આપને ખોબલે ખોબલે અભિનંદન.
લિ. : ટ્રસ્ટીગણ
BINITA S. MARU - 9869034162



Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda** • **R.N.I. Regn. No. 69568/98**


Unlimited
Monsoon Thali
Menu
3 Sweet, 3 Farsan, 4 Sabzi, 3 Rice, 3 Dal, 3 Roti
Salad, Papad, Butter Milk & Mukhwas
Moong Bhaji
Batata Bhaji
Kanda Bhaji
₹650
Inclusive of all taxes
T&C apply
Tip Top
GRAND THALI
RESTAURANT
Lunch: 11.30 am to 3.30 pm
Dinner: 7.30 pm to 11 pm
Hotel Tip Top Plaza, L.B.S. Marg,
Near Teen Hath Naka, Thane (W).
Tel.: 88793 12345/98333 78234/022 6793 5301/02
Menu can be changed at any time without prior notice
Order online on SWIGGY zomato
Impulse/07/24


SALE
UPTO
50% OFF
KALPANA
KIDS | WOMEN | MEN
Kid's & Women's Wear
4, Patil Prasad Building, J.N. Road,
Mulund (W), 83559 08281
Men's Wear
R-Mall, 1st Floor, Mulund (W)
98337 12069
ALL DAYS OPEN
Print Master


Book Your Trip In Time Tours
IN TIME
વરસાદી માહોલની મજા માણો
Justa Rudra Resort & Spa, Kolad
શુક્રવાર, તા.૧૯ થી રવિવાર, ૨૧ જુલાઈ
ત્રણ દિવસની વરસાદી પિકનિક
લિમિટેડ સીટ બાકી
Book Now
સંપર્ક : 9821678007, 9821505007